જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૧/૨૦૧૯ બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**

**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૫૬/૧૯**

ઇસનપુર પો.સ્ટેશન ફ.ગુ.ર.નં ૦૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૫૪(એ)(૧) (i)(ii),૫૦૬(૨) તથા પોક્સો એક્ટ ૭.૮ મુજબના ગુનાના આરોપીને ગણતરીની કલાકોમા પકડી પાડતી ઇસનપુર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૬ સાહેબ તથા મદદનીશ પો.કમિ.શ્રી "જે" ડીવીજન સાહેબનાઓ તરફથી ગુના દાખલ થાય તે આરોપીઓને તાત્કાલીક પકડી લેવાની સુચનાઓ મળતી હોય અને ઇસનપુર પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં ૦૮/૨૦૧૯ ઇ.પી.કો કલમ ૩૫૪(એ)(૧) (i)(ii),૫૦૬(૨) તથા પોક્સો એક્ટ ૭.૮ મુજબના ગુનાના કામના ફરીયાદીશ્રી નાઓની ફરીયાદના કામે પ્રાઇવેટ ગૃપ ટ્યુશન ક્લાસીસના સંચાલક તથા શિક્ષક આરોપી હિતેષ ઇશ્વરભાઇ પટેલ રહે.બી/૮૮ આયોજન નગર વટવા જી.આઇ.ડી.સી ની પાસે વિંઝોલ ગામ અમદાવાદ શહેરનાએ પોતાના ટ્યુશન ક્લાસમા આવતી ફરીયાદીની દિકરી તથા અન્ય બે સગીર છોકરીઓ સાથે ટ્યુશન ક્લાસીસમા શારીરિક અડપલા કરી અઘટિત માંગણીઓ કરી, કોઇને કહેશે તો સ્કુલમા નાપાસ કરવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપી ભાગી ગયેલ. જે આરોપીને પકડી પાડવા સારૂ ઇન્ચાર્જ પોલીસ ઇન્સપેક્ટર શ્રી ડી.આર.ગોહીલ સાહેબે જુદી-જુદી ટીમો બનાવી આરોપીને શોધી કાઢવા મોકલી આપતા સર્વેલન્સ સ્કોડ પો.સબ.ઇન્સ વી.એન.ભરવાડ તથા પો.સબ.ઇન્સ વાય.જી.માથુકીયાએ અ.પો.કો વિજયસિહ બાબુભાઇની બાતમીથી આરોપીને ગણતરીના કલાકોમા જ શોધી કાઢી સદરીને ઉપરોક્ત ગુનામા તા ૦૮/૦૧/૨૦૧૯ ના કલાક ૦૦/૧૫ વાગે અટક કરેલ છે તા ૦૮/૦૧/૨૦૧૯.

: અમરાઇવાડી પોલીસ સ્ટેસન

આર્મ્સ એક્ટ તેમજ મીલકત સબંધી ગુનામાં પાસા હેઠળ અટકાયત કરવા બાબત

મે પોલીસ કમીશ્નર શ્રી અમદાવાદ શહેર ના પાસા હુકમ નં.PCB/DTN/PASA/33/૨૦૧૯ તા.૦૮.૦૧.૨૦૧૯ ના પાસા અટકાયતી અજયકુમાર પારસનાથ પાંડે ઉ.વ.૩૮ રહેવાસી મ.નં.૨૫ રોહિદાસ સોસાયટી કલાપીનગર પાસે મેઘાણીનગર અમદાવાદ શહેર મુળ વતન ગામ ભુવાઇ છાપરા તા.બહેરીયા જી બલીયા ઉત્તરપ્રદેશ નાઓના વિરુધ્ધમાં અમરાઇવાડી પો.સ્ટે (૧) ફર્સ્ટ ગુ.ર.નં.૧૮૫/૧૮ (૨) સેકન્ડ ગુ.ર.નં.૩૨૩૬/૧૮ મુજબના દાખલ થયેલ આર્મ્સ એક્ટ તેમજ મીલકત સબંધી ગુનામાં આરોપી વિરૂધ્ધ પાસા હુકમ થયેલ હોય આરોપીને પાસા હુકમની બજવણી કરી આજરોજ મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે

## અમરાઇવાડી પો.સ્ટે ગુમ થયેલ બાળકના મા-બાપને શોધી પરત બાળક સોપતી અપરાઇવાડી પોલીસની કરેલ સારી કામગીરી

અમરાઇવાડી પો.સ્ટે રેગ્યુલર મોબાઇલ ને કંટ્રોલના કલાક ૧૩/૫૭ વાગે મેસેજ મળેલ કે સત્યનગર શાક માર્કેટ મોરલીધર પાર્લર પાસે પાંચ વર્ષનો બાળક બિન વારસી મળી આવેલ છે જે મેસેજ આધારે મોબાઇલના માણસો મેસેજવાળી જગ્યાએથી ટેલીફોન કરનાર તેમંજ ગુમ થયેલ બાળક્ને પો.સ્ટે લાવી ઇન્વે સ્કોડમાં સોપતા ઇન્વે સ્કોડના હેડ.કોન્સ ગોમજીભાઇ લાલુભાઇ બ.નં.૮૦૭૫ તથા તેમના સ્ટાફના માણસોએ પોલીસ ઈન્સપેક્ટર શ્રી ઓ.એમ.દેસાઈ સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ અમરાઇવાડી સત્યમનગર તથા શિવાનંદનગર વિસ્તારમાં બાળકને સાથે રાખી તેના મા-બાપની તપાસ કરતા તેમના પિતા સંજયભાઇ પ્રભુશાહ ગુપ્તા ઉ.વ.૩૩ રહે.૫૦/૮૭૯ શિવાનંદનગર એસોસિયેશન વાડીની બાજુમાં અમરાઇવાડી અમાદાવાદ નાઓ મળી આવતા પોતે ગુમ થનાર ધર્મરાજ ઉ.વ.૫ નો પોતાનો દિકરો હોવાનું જણાવતા તેના પુરાવા લઇ સદર ગુમ થનાર બાળકના મા બાપને શોધી કાઢી બાળક પરત સોપેલ છે

## પાસા અટકાયતી બહેનને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ.

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ "જાહેર સલામતી અને વ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો અટકાવવા સારૂ અસરકારક પગલા લેવા કરેલ હુકમ અનુસંધાને અમો પોલીસ ઈન્સ્પેક્ટર આર. જી. જાડેજા નાઓએ "ક્લીબેન ઉર્ફે કૈલાશબેન બચુભાઈ લવજીભાઈ ચુનારા ઉવ.૬૦ રહે,સરણીયાવાસ મોતીભગતની ચાલી પાસે ઓઢવ અમદાવાદ શહેર" નાનો "જાહેરવ્યવસ્થા" વિરૂદ્ધના કૃત્યો કરતો હોય સદરી બહેનના વિરૂદ્ધમાં પુરાવા ભેગા કરી પાસા દરખાસ્ત તૈયાર કરી મે.પોલીસ કમિશ્નરશ્રી. અમદાવાદ શહેર નાઓની સમક્ષ સાદર કરતા તેઓ સાહેબે ક્લીબેન ઉર્ફે કૈલાશબેન બચુભાઈ લવજીભાઈ ચુનારા નાઓ વિરૂધ્ધ પાસા હુકમ નં-PCB/DTN/PASA/37/18 તા.08/01/2019 અન્વયે હુકમ કરતા મજકુર પાસા અટકાયતીને પો.સ્ટે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઈ શ્રી એસ.જે.ચૌહાણ તથા અ.હેડ.કોન્સ ચંદુભાઈ મગનલાલા બનં-૮૯૮૫ તથા અ.પોકોન્સ પોકો ચંન્દ્રસિંહ લાખુભા બ.નં-૫૮૮૯ તથા અ.પોકો રાજેશભાઈ રમેશભાઈ બ.નં-૬૭૮૯ તથા અ.પો.કો લાલજીભાઈ રાયસંગભાઈ બ.નં-૮૭૮૩ એ રીતેના પોલીસ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો રાજેશભાઈ રમેશભાઈ નાઓને મળેલ બાતમી આધારે પાસા અટકાયતી ક્લીબેન ઉર્ફે કૈલાશબેન બચુભાઈ લવજીભાઈ ચુનારા નાઓને આજરોજ તા.૦૮.૦૧.૨૦૧૯ ના રોજ પકડી પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા હેઠળ બરોડા મધ્યસ્થ જેલ ખાતે મોક્લી આપવામાં આવેલ છે.તા.૦૮.૦૧.૨૦૧૯.

## રાજસ્થાન બીકાનેર જીલ્લો બિસવાલ પોલીસ સ્ટેશનના છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા મર્ડરના આરોપી ને પકડી પાડતી ઓઢવ પોલીસ સ્ટેશન પોલીસ

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ નાઓની સુચનાથી અધિક પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-૨ શ્રી અશોકકુમાર યાદવ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૫ શ્રી હીમકરસિંગ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "આઈ" ડીવીજન શ્રી.એન.એલ.દેસાઈ સા. નાઓની સુચના તથા માર્ગદર્શન હેઠળ ઓઢવ પો.સ્ટેશન પોલીસ ઈન્સપેકટર.આર.જી.જાડેજા સાહેબ. નાઓએ ઓઢવ પોલીસ સ્ટેશન વિસ્તારમાં શરીર સંબધી તેમજ મિલ્કત સબંધી તથા નાસતા ફરતા આરોપીઓની તપાસ કરી મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા માટે આપેલ સુચના મુજબ સર્વેલન્સ પો.સ.ઈ.એસ.જે.ચૌહણ તથા હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯ તથા પો.કો પકંજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૯૦ તથા પો.કો જયપાલસિંહ પ્રવિણસિંહ બનં-૭૪૩૯ તથા લોકરક્ષક જયપાલસિંહ રણજીતસિંહ બનં-૧૨૩૦૨ એ રીતેના સ્ટાફના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીગમા હતા દરમ્યાન ફરતા ફરતા ઓઢવ રીંગરોડ સર્કલ પાસે આવતા સાથેના હે.કો દિલીપસિંહ કિશોરસિંહ બનં-૭૫૮૯ તથા પો.કો પકંજભાઈ નારાયણભાઈ બનં-૧૦૧૯૦ નાઓએ આપેલ સંયુક્ત બાતમી હકીકત આધારે રાજસ્થાન બીકાનેર જીલ્લો બિસવાલ પોલીસ સ્ટેશન ફસ્ટ ગુરનં-૧૩૨/૨૦૧૨ ધી ઈપીકો કલમ ૩૦૨,૧૪૭,૧૪૮,૧૪૯ વિગેરે મુજબના ગુનામાં નાસતો ફરતો આરોપી જેઠાલાલ ઉર્ફે ભગીરથ ભવરામ ઝાંટ રહે,કુશવાલા તા-જી બીકાનેર રાજસ્થાન નાનો હાલમાં ઓઢવ રીંગરોડ સર્કલ પાસેથી વહેલી સવારના પાંચથી સાડા પાંચેક વાગ્યાના સુમારે પગે ચાલતા પસાર થનાર છે વિગેરે મતલબની બાતમી હકિકત આધારે વોચમાં હાજરા રહેતા નામ સરનામવાળો આરોપી ઓઢવા રીંગરોડ સર્કલ પાસેથી પસાર થતા આરોપીને પકડી ગુનાના કામે રાજસ્થાન પોલીસને સોપવામાં આવેલ છે આમ રજસ્થાન બિસવાલ પોલીસ સ્ટેશનના પોલીસ અધિકારી નાઓને આરોપીનો કબ્જો સોપવામાં આવેલ છે.આમ રાજસ્થાન બીકાનેર જીલ્લાના બિસવાલ પોલીસ સ્ટેશનના ખુન જેવા ગંભીર ગુનાના છેલ્લા છ વર્ષથી નાસતા ફરતા આરોપીને પકડી પાડી સારી કામગીરી કરવામાં આવેલ છે.

# ગાય ચોરી તથા ગૌમાંસની હેરાફેરીના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરી જેલ હવાલે કરતી દાણીલીમડા પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી અ.વાદ શહેર તથા અધિક પો. કમિશ્રી સેકટર-૨ સાહેબ તથા ના.પો.કમિશ્રી ઝોન-૬ સાહેબ તથા ઇ.મ.પો.કમિશ્રી. "કે" ડિવિજન સાહેબની સુચના અને માર્ગદર્શન હેઠળ સિનિયર પોલીસ ઇન્સ્પેકટર શ્રી. વી.આર.વસાવા સાહેબ દાણીલીમડા પોલીસ સ્ટેશન નાઓએ દાણીલીમડા પોલીસ સ્ટેશન તથા જી.આઇ.ડી.સી વટવા પો.સ્ટે વિસ્તારમાંથી ગાયો ચોરી તથા ગૌમાંસની હેરાફેરી કરવાની પ્રવૃત્તિ કરનાર ઇસમ ફિરોજ ઉર્ફે ભમ્માટી સ/ઓ ગનીભાઇ ગફુરભાઇ શેખ ઉવ.૨૨ રહે- રામ રહીમનો ટેકરો ગલી નં-૧ પિન્કો ટેક્ષ્ટાઇલ્સની સામે બહેરામપુરા દાણીલીમડા અમદાવાદ શહેર. વિરુધ્ધ (૧) GIDC વટવા પો.સ્ટે. ફ.ગુ.ર.નં.૧૮/૧૭ ઇપીકો કલમ-૩૭૯, તથા પશુ સંરક્ષણ ધારા કલમ ૫,૬(ક),૮,૧૦ તથા જીપી એક્ટ કલમ-૧૧૯, તથા પશુ સંરક્ષણ ઘાતકી કલમ-૧૧(ઇ)(એલ) તથા બીપીએમસી કલમ-૩૩૫,૩૩૬ મુજબ (૨) દાણીલીમડા પો.સ્ટે. સેકન્ડ ગુ.ર.નં. ૩૪૨૧/૧૮ પશુ સરંક્ષણ અધિનીયમ કલમ ૫,૬,૭,૮ તથા ૬(ખ)બીપીએમસી કલમ ૩૩૫,૩૩૬,૩૯૨ મુજબના ગુનાઓ નોંધાયેલ જે ગુનાઓમાં પકડાયેલ આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત ભરી મોકલી આપતા મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેરનાઓના પાસા હુકમ નંબર પીસીબી/ડીટીએન/પાસા/૧૧૯૨/૨૦૧૮ તા.૧૩/૧૨/૧૮ થી પાસા અટકાયતમા લેવાનો હુકમ કરેલ જે પાસા અટકાયતી નામે ફિરોજ ઉર્ફે ભમ્માટી સ/ઓ ગનીભાઇ ગફુરભાઇ શેખ નાનો પોતાની પાસા અટકાયત ટાળવા નાસતો ફરતો હતો જે આરોપીને અત્રેના હે.કો મોસીન યાસીનભાઇ તથા પો.કો એજાઝહુસૈન સાબીરહુસૈન નાઓએ ખાનગી બાતમી હકીકત આધારે પકડી લાવી રજુ કરતા સદરી આરોપીને ઉપરોકત પાસા હુકમની તા.૦૮/૦૧/૧૯ ના કલાક ૨૦/૦૦ વાગ્યે બજવણી કરી જરુરી જાપ્તાના માણસો સાથે રાજકોટ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરવામાં આવેલ છે.

2019-1-8 20:3

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.